# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


---

Ref no. PN 2025-26/073 Dt. 29/07/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સના WEC દ્વારા 'WEC બિઝનેસ બોન્ડીંગ મીટિંગ' યોજાઇ

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના વુમન આંત્રપ્રિન્યોર સેલ દ્વારા બુધવારે, તા. ૨૩ જુલાઈ ૨૦૨૫ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે, ક્રેઝી બાઈટ કેફે, પીપલોદ, સુરત ખાતે 'WEC બિઝનેસ બોન્ડીંગ મીટિંગ' યોજાઈ હતી, જેમાં મહિલા ઉદ્યોગ સાહસિકોએ ઉપસ્થિત રહી પરસ્પર રેફરન્સથી બિઝનેસમાં વૃદ્ધિ કરવા વિશે માહિતી મેળવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ મહિલા ઉદ્યોગ સાહસિકોને સંબોધતા જણાવ્યું હતું કે, 'મહિલા ઉદ્યોગ સાહસિકોએ પોતાના બિઝનેસનો વ્યાપ વધારવા માટે સૌથી પ્રથમ નેટવર્કિંગનો વ્યાપ વધારવો જોઈએ. પરસ્પર રેફરન્સથી બિઝનેસમાં વૃદ્ધિ થવાની સાથે જ બિઝનેસમાં અપડેટ રહી શકાય છે. પરસ્પર રેફરન્સ માત્ર ગ્રાહક મેળવવાની રીત નથી, પણ લાંબાગાળાનું વ્યવસાયિક સંબંધ બનાવવાની પણ રીત છે. આથી, એથિકલ અને સચોટ ભલામણો આપીને વ્યવસાયિક વિશ્વાસ ઊભો કરવા માટે સૌએ આ પદ્ધતિને પોતાની વ્યવસાય નીતિમાં સ્થાન આપવું જોઈએ.'

આ પ્રસંગે WEC ના સભ્યો દ્વારા ફીચર પ્રેઝન્ટેશન, પાવર ટીમ પ્રેઝન્ટેશન અને પ્રોડક્ટ ડિસ્પ્લેની વ્યવસ્થા કરવામાં આવી હતી. સાથે જ આગામી સમયમાં WEC દ્વારા કરવામાં આવનાર કાર્યક્રમોની માહિતી આપવામાં આવી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના ઇન્ચાર્જ માનદ્ મંત્રી શ્રી ભાવેશ ટેલર અને ગ્રુપ ચેરમેન શ્રી શૈલેષ દેસાઈએ ચેમ્બર તથા WEC વિશે માહિતી આપી હતી. આ મીટિંગમાં WEC ના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. WEC ના ચેરપર્સન સુશ્રી અંકિતા વાલંદે સ્વાગત પ્રવચન કર્યું હતું. WEC ના એડવાઈઝર સુશ્રી કૃતિકા શાહે પાવર ટીમ વિશે માહિતી આપી હતી. અંતે, WEC ના એડવાઈઝર સુશ્રી સ્વાતિબેન શેઠવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો ત્યારબાદ મીટિંગનું સમાપન થયું હતું.